ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G

# સાવધાન...


## એક મિસકોલ તમને ત્રાસવાદી ગેંગની કોઈ ગુનાહીત જાળમાં ફસાવી શકે છે

ગાંધીનગર, તા. ૧૪

ઈન્ટરનેટ દ્વારા ઈ-મેઈલથી તો અવારનવાર છેતરામણીના અમૂક કિસ્સા બનતાં જ હોય છે, પણ હમણાં એક ખતરનાક કિસ્સો ધ્યાને આવ્યો છે... મોબાઈલમાં આજકાલ એક નંબર પરથી મિસકોલ આવે છે, જે + ૩૭૫, + ૩૭૧, + ૯૨ પરથી આવતો હોય છે. આ નંબર પરથી તમારા મોબાઈલમાં




મિસકોલ આવશે એટલે સ્વાભાવિક તમે એને કોલ કરશો એટલે તમારાં




મોબાઈલમાંથી ૧૫ થી ૩૦ ડૉલર એટલે કે ૭૫૦ થી ૧૫૦૦ રૂપીયા ક્ષણોમાં ચાઉ થઈ જશે !!

આ નંબરો પરથી આવતાં ફોનને તમે રિસપોન્ડ કરશો એટલે માત્ર ૩ જ સેકન્ડમાં તમારાં ફોનની કોન્ટેક્ટ ડીટેલ તેઓ કોપી મારી લેશે અને એમાંય જો તમારાં લેટેસ્ટ મોબાઈલમાં તમારાં બેન્ક કે ક્રેડિટકાર્ડની ડીટેઈલ હશે તો એ પણ હેક થઈ જશે અને એનો દૂરપયોગ શરૂ થશે, એટલે કે તમને આર્થિક લૂંટી લેશે !!

+ ૩૭૫ એ બેલારસ-અફઘાનીસ્તાન, + ૩૭૧ એ લટીવાનો નંબર છે જેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓ ચલાવે છે, + ૯૨ એ પાકિસ્તાનનો કોડ છે અને એ નંબરને રિસપોન્ડ કરો એટલે ત્રાસવાદી ગૃપની કોક ભયંકર સંડોવણીમાં તમે ફસાઈ શકો છો !! ઉપર બતાવેલા કોડના નંબરોને અવગણવાં એ જ શ્રેષ્ઠ ઉપાય છે... મહેરબાની કરી આ નંબર પરથી આવતાં મિસકોલ કે કોલને ઉપાડશો કે કોલ કરશો નહી... સંકટ સામે જાગૃતતા એજ શ્રેષ્ઠ વિકલ્પ છે. આવાં અજાણ્યા નંબરથી દૂર રહી સલામત રહો અને આવાં મોબાઈલ નંબરને પ્રત્યુત્તર આપશો તો ખતરાનો સામનો કરવાની તૈયારી રાખવી !!



જલારામ ધામ ખાતે ત્રિદિવસીય શ્રીરામચરિત માનસના સંગીતમય સમૂહ પાઠનો મંગલ પ્રારંભ ભાવપૂર્વક થયો હતો. સતત ત્રણ દિવસ ચાલનાર માનસના સમૂહ પાઠમાં વ્યાસપીઠે જાણીતા રામ કથાકાર સંત પૂ. રમાબેન હરિયાણી બિરાજે છે. સમુહ પાઠ દરમિયાન રામજન્મ, સીતારામ વિવાહ, અને રામ રાજ્યાભિષેક જેવા વિવિધ પ્રસંગો ધામધૂમથી ઉજવાશે. કથાના મુખ્ય યજમાન જાણીતા સાહિત્ય સર્જક શ્રી સુરેશભાઈ ભટ્ટ છે. (તસવીર : દિપક જાની)

# સે. ૨૧માં ધોળે દિવસે થયેલી પોણા ચાર લાખની ચીલઝડપનો ભેદ ઉકેલાયો

## સરદારનગર અને કુબેરનગરના બે શખ્સોની ચિલોડા સર્કલથી ધરપકડ : પોલીસે પોણા ચાર લાખ રૂપિયા રીકવર કર્યા

ગાંધીનગર, તા. ૧૪

પાટનગરના સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટરમાં ધોળે દિવસે એક



(તસવીર : વિપુલ ચૌહાણ)

સપ્તાહ અગાઉ બી.એસ.એફ. જવાનના પત્નિને ધક્કો મારીને પોણા ચાર લાખ રોકડા ભરેલી બેગની થયેલી ચીલઝડપનો ભેદ ઉકેલવામાં સે. ૨૧ પોલીસને આજે સફળતા મળી છે. છારાનગર-સરદારનગર વિસ્તારના બે શખ્સોને પોલીસે પોણા ચાર લાખ રૂપિયા રિકવર કરીને ધરપકડ કરી લીધી છે.

સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટરના વૃન્દાવન સ્વીટ માર્ટ સામે ૭મી સપ્ટેમ્બરના રોજ ધોળે દિવસે સે. ૨૧ માં રહેતા અને બી.એસ.એફ.માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અરવિંદકુમાર ઠાકોરસીંગ પવારની રૂપિયા ભરેલી બેગની ચિલઝડપ થવા પામી હતી. બેન્કમાંથી પોણા ચાર લાખ રોકડા ઉપાડીને બેગમાં મુકી સ્કુટર પર તેમની પત્નિ સાથે સે. ૨૧માં દાગીના ખરીદવા માટે દંપતિ ગયું હતું તે દરમ્યાન નંબર પ્લેટ વગરના પલ્સર બાઈક પર આવેલા હેલ્મેટધારી બે શખ્સો તેમની નજીક આવ્યા અને જવાનની પત્નિના હાથમાંની રૂપિયા ભરેલી બેગ ઝૂંટવીને ધક્કો મારી પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. આ ચિલઝડપ બાદ સે. ૨૧ પી.આઈ. એસ.ડી. પટેલની ટીમ તથા એલ.સી.બી.ની ટીમ શંકાના આધારે છારાનગર સરદારનગર વિસ્તારમાં રાત-દિવસ છાનભીન કરી હતી. અમદાવાદની છારા ગેંગથી વાકેફ અમદાવાદ પોલીસની મદદ લઈને તપાસ શરૂ કરી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે આજે ચિલઝડપ કરનાર શખ્સો બાઈક નં. જીજે-૧-ડીએસ-૯૯૭૮ પર ચિલોડા સર્કલથી હિંમતનગર તરફ જવાના છે. તેને આધારે સે. ૨૧ પોલીસમથકના પી.એસ.આઈ. વાય.જે. રાઠોડે ચિલોડા સર્કલે વોચ ગોઠવીને બાતમીવાળા બન્ને શખ્સોને અટકાવી પુછપરછ કરી હતી. કુબેરનગર સીંગલ વિસ્તારનો રહેવાસી મનીષ ઉર્ફે મનોજ કનૈયાલાલ એહવાણી (સિંધી) અને સરદારનગરના નિમેશ ઉર્ફે નિલીયા ફતીયાભાઈ ભાંગોકર (છારા) નામના ઝડપાયેલા બન્ને શખ્સો એ પુછપરછ દરમ્યાન પોણાચાર



લાખની ચિલ ઝડપની કબુલાત કરી લીધી હતી. બન્ને શખ્સોની ધરપકડ કરીને રૂપિયા અંગે પુછપરછ કરતાં છારાનગરના નિલેશના ઘરેથી રૂપિયા ભરેલી બેગ મળી આવી હતી અને પોલીસે તે મુદ્દામાલ રીકવર કરીને બન્નેના રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે. આ શખ્સોની પુછપરછમાં અન્ય કેટલાક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

## જી.ટી.યુ.ના સ્ટાફ માટે ૧૪ કરોડના ખર્ચે ૪૦ ફ્લેટ બનશે

### વાઈસ ચાન્સેલરના બંગલાનું પણ કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સ્ટાફ માટે ચાંદખેડા ખાતે સ્ટાફ ક્વાટર્સ બનાવાશે. દસ મજલાના આ બિલ્ડીંગમાં ૪૦ ફ્લેટ બનશે. જ્યારે આ કામગીરી પાછળ રૂ. ૧૪ કરોડનો ખર્ચ થશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.ના મુખ્ય બિલ્ડીંગ પાસે સ્ટાફ ક્વાટર્સ બનાવવાનું આયોજન આખરી કરી દેવાયું છે. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ચાંદખેડા ખાતે સ્ટાફ ક્વાટર્સ બનાવવા રૂ. ૧૪ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. દસ મજલાના બિલ્ડીંગમાં કર્મચારીઓ માટે ૪૦ ફ્લેટ બનશે. જેમાં પ્રત્યેક માળે ચાર યુનિટ બાંધવામાં આવશે. સ્ટાફ ક્વાટર્સની કામગીરી હાથ ધરવા માટે ઓનલાઈન ટેન્ડરપ્રક્રીયા આરંભી દેવામાં આવી છે. લીફ્ટ સહિતની તમામ સુવિધાયુક્ત બિલ્ડીંગના નિર્માણનું કામ અંદાજિત બે વર્ષમાં પૂર્ણ થાય તેવી સંભાવના છે. આ ઉપરાંત યુનિના વાઈસ ચાન્સેલર માટે રૂ. ૯૫ લાખના ખર્ચે બંગલો પણ બનાવાશે. સ્ટાફ ક્વાટર્સ બનાવવા ઉપરાંત આગામી દિવસોમાં એલ.આર.સી. બ્લોક, લર્નિંગ રીસોર્સ સેન્ટર તેમજ પી.જી. સ્કૂલ સહિતની કામગીરી હાથ ધરવા પણ ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. વિવિધ બિલ્ડીંગ નિર્માણના અંતે જી.ટી.યુ. સંલગ્ન કામગીરી સરળ અને ઝડપી બનશે.

## જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. બી. કે. પટેલને નાયબ નિયામક તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. બી.કે. પટેલને નાયબ નિયામક તરીકે બઢતી આપી અમદાવાદ કૃષિભવન ખાતે ઘનિષ્ટ પશુસુધારણા ના નાયબ નિયામક તરીકે નિમણુંક આપવામાં આવી છે.

રાજયના કૃષિ અને પશુપાલન વિભાગ દ્વારા ૨૭ જેટલા અધિકારીઓને પ્રમોશન આપતા હુકમો જારી કરવામાં આવ્યા છે. શ્રી પટેલે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે. છ વર્ષ સુધી જિલ્લામાં તેમણે પશુપાલન અધિકારી તરીકે સેવાઓ આપી છે.

ગાંધીનગર જિલ્લાના પશુપાલન અધિકારી તરીકે શ્રી ગોવિંદભાઈ ચૌધરીને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**

દુકાન નં. સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**તૂટેલા ક્રેટ વેચવાના છે**

દૂધ વિતરણના તૂટેલા ક્રેટ અંદાજીત -૨૫૦૦

(કલર - લાલ, ૧ ક્રેટનું વજન-૧૨૦૦ ગ્રામ)

ભાવપત્રક તા. ૨૦-૯-૨૦૧૨ સુધી સ્વીકારવામાં આવશે.




: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar

**ગાંધીનગર નાગરિક કો.ઓપરેટીવ બેન્ક લિ., ગાંધીનગર**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪॥, સેક્ટર-૧૬, ગાંધીનગર

**વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ**

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપણી બેન્કની ૩૮મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦-૯-૨૦૧૨ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે **બેન્કની હેડ ઓફીસ ખાતેના મકાનમાં, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર** ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. **તા. ૨૫-૯-૨૦૧૧**ની વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબત.
૨. તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ પુરા થતાં વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલું સરવૈયું તથા નફા-તોટાનો હિસાબ અને નફાની વહેંચણી મંજૂર કરવા બાબત.
૩. ઓડિટરના રિપોર્ટની નોંધ લેવા બાબત.
૪. **સહકારી કાયદાની કલમ-૬૭(એ) હેઠળના વસુલાતના કેસોમાં તથા સમાધાન રાહે વસુલ કરેલ કેસોને મંજૂરી આપવા બાબતે.**
૫. ચેરમેનશ્રી તરફથી અગર તેઓની મંજુરીથી રજૂ થાય તે કામ ઉપર વિચારણા કરવા તથા નિર્ણય લેવા બાબત.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી**
**મનુભાઈ બી. પટેલ**
**મેનેજીંગ ડિરેક્ટર**

નોંધ : ૧. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તે જ સ્થળે એ જ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરીયાત રહેશે નહિ.

**ગૃહપતિ જોઈએ છે**

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭, ગાંધીનગરના છાત્રાલય માટે **ફુલ-ટાઈમ** વયસ્ક અનુભવી **રેક્ટર**ની જરૂરિયાત છે. વ્યક્તિ ઓછામાં ઓછો સ્નાતક હોવો જોઈએ. ઈચ્છુક વ્યક્તિઓએ પોતાના સ્વહસ્તાક્ષરમાં અરજૂ જાહેરાતની તારીખથી સાત દિવસમાં સંસ્થાની કચેરીમાં રૂબરૂ આપવાની રહેશે. અરજીમાં પોતે લેવા યોગ્ય મહેનતાણા અને અન્ય કોઈ શરતો હોઈ તે લખી મોકલવી.

**જાહેર આભાર**



**શ્રી અણદાભાઈ પટેલ**
**(ડિરેક્ટર - બનાસડેરી, કાંકરેજ)**

કાંકરેજ તાલુકાના મત વિસ્તારની બનાસ ડેરીની ચૂંટણીમાં મને ૧૦૮ મતોમાંથી ૧૭ મત આપી ઝળહળતો અને જ્વલંત વિજય અપાવવા તેમજ મારામાં મૂકેલો વિશ્વાસ હું એળે નહીં જવા દઉં તેની ખાતરી આપું છું. દૂધ ઉત્પાદકોના હિત માટે સતત પ્રયત્નશીલ રહીશ, દૂધ ઉત્પાદકો અને મંડળીઓ મારા સહયોગીઓ અને ચૂંટણીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામ લોકોનો સહૃદય આભાર માનું છું.







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com